# હાથીજણમાં બર્ડ ફલૂના ફફડાટ સામે તંત્ર સક્રિય

## ફાઉન્ડેશનની એક ભુલના કારણે હજારો પક્ષીઓને મારવા પડ્યા : સ્થાનિક રહીશોમાં આક્રોશ : સાવચેતીના ભાગરૂપે લોકોનું ગામ બહાર સ્થળાંતર શરૂ

અમદાવાદ, તા.૪

શહેરના પૂર્વના હાથીજણ વિસ્તારમાં બર્ડફલૂના લક્ષણો નજરે પડતા મંગળવારે આ વિસ્તારને બર્ડફલૂ એલર્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા બાદ આ વિસ્તારમાં પશુપાલન વિભાગની ૨૨ જેટલી ટીમોને બર્ડફલૂનો ચેપ ન લાગે તે પ્રકારેના હેન્ડગ્લોવઝથી લઈને માસ્ક સાથે ઉતારીને કુલ ૮૮૦૦ જેટલા લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.ઉપરાંત શંકાસ્પદ એવા ૨૫ લોકોને ટેમીફલૂની દવા પણ આપવામાં આવી છે.આ વિસ્તારમાં ભારે ફફડાટ સાથે હવે સ્થાનિક રહીશોએ કોઈપણ સંજોગોમાં આશા ફાઉન્ડેશનને ગામ બહાર કાઢવા ઉગ્ર માગણી કરી છે.કેટલાક લોકોએ તો સાવચેતીના ભાગરૂપે સલામત વિસ્તારોમાં પોતાના સંબંધીઓને ત્યાં સ્થળાંતર પણ શરૂ કરી દીધુ છે.આ અંગેની વિગત એવી છે કે,હાથીજણ ખાતે આવેલા આશા ફાઉન્ડેશન ખાતે અલ્હાબાદથી છ જેટલા લોકો ગીની ફાઉલ એટલે કે ચાઈનીઝ મરઘી લઈ અમદાવાદમાં વેચવા આવ્યા હતા.આ મરઘીઓને કોઈ બીમારી થઈ હોવાની આશંકાની વચ્ચે તેઓ આ મરઘીઓને વસ્ત્રાલમાં છોડીને ભાગી છૂટયા હતા.

દરમ્યાન આ પક્ષીઓ ને આશાફાઉન્ડેશનમાં રાખવામાં આવેલા પક્ષીઓ સાથે રાખવામાં આવ્યા બાદ ૩૧મી ડીસેમ્બરના રોજ ૨૭ જેટલી ટર્કીઓના મોત થતા ફાઉન્ડેશન દ્વારા ટેસ્ટ કરાવવામાં આવતા ૮૦૦ જેટલા ગીની ફાઉલને બર્ડફલૂ હોવાનું પુરવાર થતાં પશુપાલન વિભાગ પણ ચોંકી ઉઠયું હતુ.દરમ્યાન હાથીજણ પહોંચી સોમવારના રોજ સેમ્પલ લઈ તેને ભોપાલ ખાતેની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવતા ભોપાલની લેબોરેટરીએ મંગલવારે આપેલા તેના વચગાળાના રિપોર્ટમાં આ પક્ષીઓને બર્ડફલૂ હોવાનો ખુલાસો કરતા આશાફાઉન્ડેશનના એક કિ.મી.વિસ્તાર ઉપરાંત હાથીજણ આસપાસના દસ કિ.મી.વિસ્તારને બર્ડફલૂ એલર્ટઝોન જાહેર કરવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.સ્થાનિક રહીશોના કહેવા પ્રમાણે બે વર્ષ અગાઉ તેમણે મ્યુનિસિપલ કોર્પોરેશનને આ મામલે જાણ કરી હતી.તે સમયે ફાઉન્ડેશનને સીલ મારવા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.



આજે સવારથી જ રાજ્યના પશુપાલન વિભાગની ૨૨ જેટલી ટીમોએ હાથીજણ ઉપરાંત આસપાસના દસ કિલોમીટર વિસ્તારમાં આવેલા ગામોનો સર્વે શરૂ કર્યો છે.જેમાં કુલ ૮૮૦૦ લોકોનો સર્વે કરી તેમાં શંકાસ્પદ એવા ૨૫ લોકોને ટેમીફલૂ નામની દવા આપવામાં આવી છે.આ ઉપરાંત આ વિસ્તારમાં જેટલી પણ મટન કે ચીકનની દુકાનો અને હોટલો આવી છે.તેને સેનિટેશનની કામગીરી બાદ જથ્થાનો નાશ કરી બંધ કરી દેવામાં આવી છે.આ ઉપરાંત એન્ટીબાયોટીક દવાઓનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે.સ્થાનિકોએ ભારે રોષ સાથે આ ફાઉન્ડેશનને ગામની બહાર કાઢવાની ઉગ્ર માગણી કરી છે.આ વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## માણસાની શાંતાબેન ચૌધરી વિદ્યા સંકુલનો નામકરણ-દાતાઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૪

માણસા સ્થિત અખિલ આંજણા સેવા મંડળ સંચાલિત શાંતાબેન એફ. ચૌધરી વિદ્યાસંકુલ માણસા ગુજરાતી માધ્યમના નવીન મકાનનો નામકરણ કાર્યક્રમ ૮મી જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ કલાકે હરિભાઈ વેલજીભાઈ ચૌધરી કેમ્પ ખાતે યોજાશે.

આ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. રઘુવીરભાઈ ચૌધરીના હસ્તે મકાનના નિર્માણમાં દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવશે. આ સન્માન સમારોહમાં વિશિષ્ટ મહાનુભાવ પદે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સુનયના તોમર જિલ્લા કલેક્ટર સતિષ પટેલ ઉપસ્થિત રહેશે. મહાનુભાવો હરિભાઈ વેલજીભાઈ ચૌધરી, શાંતાબેન ફલજીભાઈ ચૌધરી વિદ્યાસુંકલ મૂળજીભાઈ મોતીભાઈ ચૌધરી ઉ.મા. શાળા, શારદાબેન મૂળજીભાઈ ચૌધરી, માધ્યમિક શાળા, ભરતભાઈ દલસંગભાઈ ચૌધરી ઉ.પ્રા. શાળા, જોઈતીબેન અમૃતભાઈ ચૌધરી પ્રા.શા., કાન્તાબેન દશરથભાઈ ચૌધરી પૂર્વ પ્રા.શા., વિનુભાઈ બબાભાઈ ચૌધરી છાત્રાલય, સંકુલના બાંધકામમાં ઉદાર હાથે દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવશે.




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એકતા અખંડિતતાના શિલ્પી લોહપુરૂષ સરદાર પટેલના જીવન કર્તૃત્વને નવી પેઢી સમક્ષ ઊજાગર કરવાના પ્રયાસોમાં રાજ્ય સરકારના સહયોગની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. સરદાર સાહેબના જાહેરજીવન શતાબ્દિ અવસર ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આર્કાઈવલ સંગ્રહ પુસ્તકનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.

## લાઈટની જાળવણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટની જાળવણી અન્ય એજન્સીને સોંપવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. અત્યારસુધી ટોરેન્ટ પાવર લી દ્વારા સ્ટ્રીટ લાઇટની જાળવણીનુ કામ સંભાળવામાં આવતુ હતુ. જયારે હવે કેન્દ્ર સરકારની એજન્સીને આ કામ સોંપવામાં આવ્યુ છે. હાલ શહેરના મુખ્ય માર્ગો પર એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવાતા માર્ગો પર સફેદ અજવાળુ પથરાયુ છે. જયારે હવે સેકટરોના આંતરિક વિસ્તારમાં લાઈટના ફિટીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સને એલ ઈ ડી લાઈટ મુકી દેવાઈ છે. એલ ઈ ડી લાઈટના લીધે વિજબીલની રકમમાં ૪૦ ટકા જેટલી બચત થવાનો અંદાજ છે. જયારે એજન્સીને પણ નાંણાકીય ખર્ચ વિજબીલની રકમમાંથી કરવાનો નિર્ણય લેવાયો છે. એનર્જી એફિશિયન્સી સર્વિસ લીને એલ ઈ ડી લાઈટના ફિટીંગ તેમજ જાળવણીનુ કામ સોંપવામાં આવ્યુ છે. આગામી દોઢ મહીનામાં સમગ્ર શહેરના ૧૮ હજાર જેટલા પોલ્સમાં એલ ઈ ડી લાઈટ મુકી દેવાશે. જયારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સંભાળતા ટોરેન્ટ પાવરને આ જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે પાવર સપ્લાયની જવાબદારી ટોરેન્ટ પાવર જ નિભાવશે.

## જાગૃતિ દાખવી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર દક્ષિણમાં નવા વધ્યા છે. આ પછી કલોલ અને દહેગામ આવે છે. જ્યાં ૫૧૦૦થી વધુ નવા મતદારો નોંધાયા છે. સૌથી ઓછા મતદારો માણસામાં નવા વધ્યા છે. આજે પ્રસિદ્ધ થનાર મતદારયાદીમાં ૧૧,૪૫,૩૬૯ મતદારો થશે. જેમાં ૫,૯૨,૫૮૫ પુરૂષ અને ૫,૫૨,૭૬૭ મહિલા મતદારો તો અન્ય ૧૭ મતદારો મળી થાય છે. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૨ની ચૂંટણીમાં જિલ્લામાં ૯,૯૯,૩૭૫ મતદારો હતા. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ૧૦,૭૪,૧૦૧ મતદારો નોંધાયેલા હતા. ૨૦૧૫માં ૧૦,૮૮,૨૫૬ હતા. જયારે ૨૦૧૬માં ૧૧,૨૩,૪૫૩ મતદારો નોંધાયેલા હતા.

## ડિઝીટલ વિલેજ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ સરકારી મંડળી ખાતે એક પીઓએસ મશીન આપ્યુ છે. અહિં મોબાઈલ બેંકિંગ ટ્રાન્ઝેકશન સૌથી પ્રિય અને હાથવગુ હોવાનું સૌએ જણાવ્યુ હતુ.

ગામમાં ચાલતુ સખીમંડળ તો તેના તમામ ટ્રાન્ઝેકશન મોબાઈલ બેંકિંગથી જ કરી રહેલ છે.

આજે ડિજીટલ વિલેજ તરીકેની આગવી ઓળખ મેળવનાર ગ્રામજનોને જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ અભિનંદન આપ્યા હતા. આઈએએસ વાઈફ એસો.માંથી સુશ્રી મીનાસિંગ ઉપરાંત સુશ્રી બીનાસિંહ, સુશ્રી અર્ચના મુકીમ, સુશ્રી અર્ચના રાજગોપાલ, સુશ્રી હૈદર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૂંટણી કાર્યક્રમ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જયારે સાતમાં અને અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે. જ્યારે મણીપુરમાં બે તબક્કામાં મતદાન યોજાશે. પંજાબમાં એક જ તબક્કામાં મતદાન ચોથી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. તમામ ૧૧૭ સીટ માટે પંજાબમાં એક જ તબક્કામાં મતદાન થશે. જેના માટેનું જાહેરનામું ૧૧મી જાન્યુઆરીના દિવસે જારી કરાશે. આવી જ રીતે ઉત્તરાખંડમાં ૭૦ સીટ માટે એક જ તબક્કામાં મતદાન થશે અને ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જાહેરનામું ૨૦મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવનાર છે. આવી જ રીતે ગોવામાં ૪૦ સીટ માટે એક જ તબક્કામાં મતદાન થશે. ગોવામાં ચોથી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના માટેનું જાહેરનામું ૧૧મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવશે. મણીપુરમાં પ્રથમ તબક્કામાં ૩૮ સીટ માટે ચોથી માર્ચના દિવસે અને ૨૨ સીટ માટે બીજા તબક્કામાં આઠમી માર્ચના દિવસે મતદાન થશે. આજે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની ગઈ છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થતાની સાથે જ રાજકીય પક્ષોમાં આને લઈને તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી ચુકી છે.

## ઓપીનીયન પોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓની સીધી અસર દેશના રાજકારણ પર જોવા મળે છે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબમાં સરકાર રચવા તમામ રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ૪૦૩ જેટલી વિધાનસભા બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ પર તમામ રાજકીય પંડિતોની નજર છે. ઉત્તરપ્રદેશના ઓપીનીયન પોલમાં ત્રિશંકુ સરકારના સંકેતો મળી રહ્યા છે. શાસકપક્ષ સમાજવાદી પાર્ટીને તેઓની આંતરિક જુથબંધી નડી રહી હોય તેવુ લાગી રહ્યું છે. સપાને અહીં ૧૪૧ થી ૧૫૧ જેટલી બેઠકો મળી શકે છે. જ્યારે મોદી મેજીકના સહારે ભાજપને અહી ૧૨૯ થી ૧૩૯ જેટલી બોઠકો મળી શકે છે. માયાવતીની બસપા જ્ઞાતિવાદના જોરે ૯૩ થી ૧૦૩ જેટલી બેઠકો મેળવવામાં સફળ રહી શકે છે. જ્યારે અહીં કોંગ્રેસની હાલત સાવ કથળેલી જોવા મળી રહી છે. કોંગ્રેસને ૧૩ થી ૧૯ બેઠકો મળી શકે છે, જ્યારે મુખ્યમત્રી તરીકે હજુ અખીલેશ યાદવ પ્રથમ સ્થાને છે.

એબીપી ન્યુઝના ઓપીનીયન પોલમાં ઉત્તરાખંડમાં કોંગ્રેસના હાથમાંથી સત્તા જઈ રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. જો કે મુખ્યમંત્રી તરીકે ૧૯ ટકા વોટ મેળવી તત્કાલિન મુખ્યમંત્રી હરીશ રાવત આગળ હોવાનું દશ્ય સામે આવી રહ્યું છે. અહીં ભાજપને ૩૫ થી ૪૩ બેઠકો અને કોંગ્રેસને ૨૫ થી ૩૦ બેઠકો મળવાના સંકેતો છે.

આમ આદમી પાર્ટીએ જ્યાં સત્તા મેળવવા જોરશોરથી પ્રયાસો કર્યા છે તેવા પંજાબમાં ધારણાઓથી તદન વિપરીત ચિત્ર સામે આવી રહ્યું છે. અહીં ભાજપને ૫૦ થી ૫૮ બેઠકો, કોંગ્રેસને ૪૧ થી ૪૮ બેઠકો અને આમ આદમી પાર્ટીને માત્ર ૧૨ થી ૧૮ જેટલી બેઠકો મળવાની સંભાવના છે. અહીં પણ કોંગ્રેસના અમરિંદરસિંહ મુખ્યમંત્રી તરીકેની પસંદગીમાં સૌથી આગળ છે. જ્યારે ભાજપના પ્રકાશસિંહ બાદલ અને આપના ભગવંત માન મુખ્યમંત્રીની પસંદગીમાં પાછળ ચાલી રહ્યા છે.

## પારદર્શકતા લાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મર્જ કરી દેવામાં આવશે જેથી પરંપરાગતરીતે રેલવે બજેટ જોવા મળશે નહીં. ખાસ ખરડામાં રાજ્ય ચૂંટણી ફંડિગ પર બ્રેક મુકવા માટે કેટલીક નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. જેની ચર્ચા હવે શરૂ થઈ ગઈ છે. હાલમાં નોટબંધીનો કઠોર નિર્ણય લેવાયો હતો. ખરડો રજુ કરવામાં આવે તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમામ રાજકીય પક્ષોના અભિપ્રાય મેળવશે. તમામ પક્ષોની સર્વસંમતિ સાધવાના પ્રયાસ કરવામાં આવશે. ભાજપના નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે અમારી લોકશાહીમાં સર્વસંમતિ ખૂબ જરૂરી છે. સૂચિત ખરડા પર ચર્ચા હાથ ધરવામાં આવે તે પહેલા ભાજપના નેતાએ આ મુજબની વાત કરી છે.

## બજેટ નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરફથી આ સંબંધમાં એક જાહેરનામું મળી ચુક્યું છે. ચૂંટણી પંચે કહ્યું હતું કે ચૂંટણી પંચ આ સંદર્ભમાં તપાસ કરવામાં આવ્યા બાદ યોગ્ય નિર્ણય કરશે.

મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસ સહિત ૧૬ પાર્ટીઓએ રાષ્ટ્રપતિ અને ચૂંટણી પંચને આ સંબંધમાં પત્ર લખીને રજુઆત કરી છે. આ રાજકીય પક્ષોનું કહેવું છે કે કેન્દ્રની ભાજપ સરકાર બજેટનો આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા રજુ કરી રહી છે અને ચૂંટણીમાં આનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

## ગ્રાન્ટના કામોને મંજૂરી... ● ત્રીજા પાનાનું ચાલુ

પાછળ શુ કારણો છે તે અંગે શ્વેતપત્ર જાહેર કરો યા તો ગાદી છોડી દો તેવુ મેયરને લખેલા પત્રમાં પણ કહ્યુ છે. તેમણે એવો આક્ષેપ કર્યો છે કે કાઉન્સીલરોની ગ્રાન્ટના કામોને મંજૂરી આપવામાં નહિ આવે તો એક દિવસ મનપાનું અસ્તિત્વ જ નથી તેવુ પ્રજા પણ માનતી થશે.

મેયરને લખેલા પત્રમાં બિહોલાએ જણાવ્યુ છે કે સરકાર દ્વારા વાઈબ્રન્ટ થવા જઈ રહ્યું છે, તેની અસર સીધી મહાનગર પાલિકાના કોર્પોરેટરોના ગ્રાન્ટમાંથી થતા વિકાસના કામો ઉપર પડી રહી છે, વાઈબ્રન્ટના બહાને કોર્પોરેટરો દ્વારા પ્રજાલક્ષી કામો ઘણા સમયથી કોર્પોરેશનમાં લખીને આપ્યા હોવા છતાં એક પણ કામ થતુ નથી. ૨૦૧૬-૧૭ની કોર્પોરેટરોની ગ્રાન્ટનું નાણાંકીય વર્ષ પણ પુરૂ થવા આવ્યું તેમ છતાં વાઈબ્રન્ટના તાયફાના લીધે કોઈ પણ કામ થતુ નથી, અધિકારીઓ પણ વાઈબ્રન્ટમાં મસ્ત છે, પ્રજા ત્રસ્ત છે. જો કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પ્રજાલક્ષી કામો ના કરવા હોય તો આ ગ્રાન્ટનો કોઈ મતલબ નથી, તો તાત્કાલિક ધોરણથી કોર્પોરેટરોએ પોતાની ગ્રાન્ટમાંથી સુચવેલા કામો કરી આપવા.

આપશ્રી-૨૦૧૬-૧૭નું નાણાંકીય વર્ષ પુરૂ થવા આવ્યું, ફેબ્રુઆરીમાં બજેટ રજુ થશે, તમે કોઈ પણ કામ નથી તેવું કહી સામાન્ય સભા પણ બોલાવતા નથી, જેથી કરીને પ્રજાના કામોને વાચા આપવા ચૂંટાયેલા પ્રતિનિધિઓને તમે સાંભળવા નથી માંગતા, જે ખરેખર ખુબ જ ગંભીર બાબત છે, અને આમ ને આમ જો ચાલતું રહેશે તો ગાંધીનગર મહાનગરપાલિકાનું અસ્તિત્વ જ મટી જશે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મામ.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૫ / ૨૦૧૬-૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા (ફોન નં. ૦૨૭૭૪ ૨૪૬૪૯૬) દ્વારા એક રોડના કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૩૦.૦૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ htttp://rnb.nprocure.com ઉપર તા. ૧૧/૧/૨૦૧૭ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૪૫૮/૨૦૧૭

